।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** jaineducationboard.org **E mail :** jainshikshanboard@gmail.com

---

**૨૯ ઑગષ્ટ ૨૦૨૧ – મહિલા મંડળ** **શ્રેણી – ૨૦** **કુલ ગુણ : ૧૦૦**

(૨૦)

**પ્ર. ૧ (ક) નીચેના શબ્દોનું માગધી લખીને ને તે ક્યા પાઠમાં આવે છે?** **(૪)**

૧. અકરણીય

૨. ધર્મની આદિના કરનારા

૩. જાણી જોઈને ઈરાદાપૂર્વક

૪. પાપકર્મનો ઉપદેશ આપવાથી

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. સમકિતી જીવોની જીવાયોનિ લખો.

૨. શાતા ગૌરવ કોને કહે છે?

૩. સાધુપણાની યાદ અપાવનાર શબ્દ કયા છે?

**(ગ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. તેરમા ગુણસ્થાને કેટલી પ્રકૃતિનો ઉદય? કયા કર્મની કેટલી પ્રકૃતિ?

૨. હાસ્યાદિ ષટ્કનો ઉદય કેટલા ગુણસ્થાન સુધી? શા માટે?

૩. સિદ્ધાંતની કઈ અપેક્ષાઓ ઉદયાધિકારમાં બતાવી છે?

**(બ) નીચેની પ્રકૃતિનો ઉદય ક્યાં સુધી? ઉદય વિચ્છેદ ક્યારે?** **(૪)**

૧. નીચ ગોત્ર ૨. શુભ વિહાયોગતિ ૩. દેવાનુપૂર્વી ૪. પ્રચલા પ્રચલા

(૫)

**પ્ર. ૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સંયમમાં કોની ગતિને જોવાની છે? (૨)

૨. કોની સાથે યુદ્ધ કરવાનું છે? શેમાં અનાસક્ત રહેવાનું છે? (૧×૩)

૩. કર્મનો બંધ શેનાથી થાય છે?

૪. આણાએ મામગં ધમ્મં । અર્થ લખો.

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. આજ્ઞા વ્યવહાર અને આક્રાંત વાયુ એટલે શું?

૨. જીવ દુર્ગતિમાં કેટલા પ્રકારે જાય? કોઈપણ ત્રણ કારણ લખો.

૩. કયા તીર્થંકરે રાજ્ય ભોગવ્યું નથી?

૪. સૂતા જીવો કેટલા પ્રકારે જાગે? ૧, ૪, ૫ પોઈન્ટ લખો.

૫. દંડના કેટલા પ્રકાર છે? માત્ર નામ લખો.

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કોણ પૂજનીય બનતું નથી?
૨. ધન્ય સાર્થવાહે ક્યા ફળ ખાવાની ના પાડી? શા માટે? તે ફળ કેવા છે?
૩. ધન્ય સાર્થવાહ કઈ નગરીમાં રહેતા હતા? ત્યાંના રાજા કોણ હતા? ધન્ય સાર્થવાહ કેવા હતા?
૪. ધન્ય સાર્થવાહે દીક્ષા લીધા પછી અને અંત સમયે શું કર્યું? ક્યાં ઉત્પન્ન થયા?
૫. ચંપા નગરી, ધન્ય સાર્થવાહ, અહિચ્છત્રા નગરી, ઘોષણાના સ્થાને શું સમજવાનું છે?

**અથવા**

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વિજય ચોર કેટલા ચોરોનો અધિપતિ હતો? કોની માટે શરણભૂત હતો?
૨. સાધુએ આહાર શા માટે કરવાનો છે?
૩. ધન્ય સાર્થવાહ પૃથ્વી પર કેવી રીતે પડી ગયા?
૪. ધન્ય સાર્થવાહ કઈ નગરીમાં રહેતા હતા? તેમને કેટલા પુત્ર અને પુત્રી હતા? પત્ની તથા પુત્રીનું નામ લખો.
૫. ધન્ય સાર્થવાહે ચિલાત દાસપુત્રને ઘરમાંથી કાઢી મૂક્યા પછી તે કેવો બની ગયો?

(૧૦)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દ્વારિકા નગરીના રાજા કોણ હતા? મહારાણીનું નામ શું હતું? નગરી કેટલી લાંબી-પહોળી હતી?
૨. ભગવાનનો ઉપદેશ સાંભળીને પદ્માવતીએ કૃષ્ણ વાસુદેવને શું કીધું? શિબિકા કેટલા પુરુષે ઉપાડી?
૩. કૃષ્ણ વાસુદેવનું મોત ક્યાં અને કેવી રીતે થયું?
૪. કૃષ્ણ વાસુદેવની ધર્મદલાલી કેવી હતી?
૫. કોણ બોલે છે? કોને કહે છે? : ૧) આર્તધ્યાન ન કરો.
૨) આપ સમીપે મુંડિત થઈ પ્રવ્રજિત થવા ઈચ્છું છું.

**અથવા**

**પ્ર. ૫ નિરિયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સોમિલ શ્રાવકના અધ્યયનમાં શેની મહત્તા બતાવી છે? આપણા માટે એકાંતે શું હિતકારક છે?
૨. સોમિલની પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા શા માટે છે?
૩. સોમિલ બ્રાહ્મણ શેના જાણકાર હતા?
૪. તાપસની દીક્ષા લઈ સોમિલે શું અભિગ્રહ ધારણ કર્યો?
૫. શ્રાવકના વ્રત ધારણ કરનારા ક્યાં જાય છે? સોમિલ શા માટે જ્યોતિષીમાં ઉત્પન્ન થયા?

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** (૯)

૧. ધમ્મં પિ ...... ૨. કુસગ્ગે ...... ૩. વુચ્છિંદ ......

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** (૬)

૧. શેનું વમન કરેલું છે?
૨. પાંચ ઈન્દ્રિયોની પરિપૂર્ણતા શા માટે દુર્લભ છે?
૩. શું છોડીને અણગાર ધર્મ સ્વીકાર્યો છે?
૪. મોક્ષ કેવો છે?
૫. વર્તમાનમાં ક્યો માર્ગ ઉપલબ્ધ છે?
૬. અનંતકાળ ક્યાં પસાર કર્યો છે? લગાતાર ૭/૮ ભવ કોણ કરે?

(૧૦)

**પ્ર. ૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વ્યાખ્યા લખો : હિયમાણ, સોવચય-સાવચય, અવસ્થિત, ક્ત સંચય.

૨. સિદ્ધને સંચય કેટલા? કયા કયા? વર્ધમાનની સ્થિતિ લખો.

૩. ભવનપતિ દેવ અને સમડીની સાવચયની સ્થિતિ લખો.

૪. સમુચ્ચય જીવમાં સોવચય આદિ કેટલા અને કયા ભાંગા લાભે? તે કેવા છે? આ ભાંગો કેટલા દંડકમાં હોય?

૫. દેવમાં કેટલા સંચય લાગે? કયા કયા? હિયમાનની સ્થિતિ લખો.

(૧૦)

**પ્ર. ૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વિષય શક્તિ દ્વાર લખો.

૨. કયા શરીરવાળા વિવિધરૂપ બનાવે? કેટલી દિશાનો આહાર કરે? પ્રયોજન શું છે? સ્વામી કોણ?

૩. આહારક શરીરનો અંતર, સ્થિતિ, દ્રવ્યાર્થક અને સંસ્થાન દ્વાર લખો.

૪. શરીર એટલે શું? કેટલા છે? કયા શરીરથી મોક્ષમાં જવાય? તેની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી?

૫. પ્રદેશાર્થક દ્વાર લખો.

(૧૦)

**પ્ર. ૯ માર્ગણા સમજણ સહિત લખો.**

૧. વચનયોગી તિર્યંચમાં ૨. અધોલોક ત્રસ ઔદારિકમાં ૩. મિશ્ર દૃષ્ટિ ગર્ભજમાં

૪. ઊર્ધ્વલોક દેવીમાં ૫. કેવળીમાં

**જય – જિનેન્દ્ર**